બજાર ભાવ ચાંદી ૬૦,૫૦૦ને પારઃ સોનું ૫૨,૦૦૦ નજીક

ખાદ્યતેલોમાં જળવાયેલું વલણ

રાજકોટઃ- વૈશ્વિક અર્થતંત્રમાં ફેરફાર થતા ચાંદીના ભાવ ૬૦,૫૦૦ની સપાટીને પાર કરી ચૂક્યા છે. જ્યારે સોનુ ૫૨,૦૦૦ નજીક પહોંચ્યું છે. અન્ય બજારોમાં જોઈએ તો સીંગતેલ સહિતના ખાદ્યતેલોના ભાવ જળવાયેલા રહ્યા હતા. મગફળી, ખાંડ અને ચણા-બેસન બજારમાં પણ ભાવમાં કોઈ ફેરફાર થયો નહોતો. એરંડા બજારમાં સ્થિર વલણ નોંધાયું હતું. જ્યારે આવકની સાથે-સાથે રૂ-કપાસ બજારમાં ભાવ મકકમ રહ્યા હતા.

મગફળી

મગફળી બજાર સતત સ્થિર જોવા મળી રહ્યું છે. રાજકોટમાં મગફળી જાડી ૧૧૨૦-૧૧૩૦, મગફળી, જીણી ૧૨૫૦-૧૨૬૦ ભાવ રહ્યા હતા. જ્યારે ૨૦૦૦ ગુણીની આવકે પિલાણ ૨૨,૧૦૦, મગફળી જાડી ૨૪,૪૦૦, જી-૨૦ ૨૨,૪૦૦, મગફળી જીણી ૨૪,૫૦૦ ઉપર ભાવ રહ્યા હતા.

ખાદ્યતેલો

સીંગતેલ સહિતના ખાદ્યતેલોના ભાવ જળવાયેલા રહ્યા હતા. રાજકોટમાં લૂઝના ભાવ ૧૨૭૫ જ્યારે ૩૫-૪૦ ટેન્કરના કામકાજ વચ્ચે કપાસીયા વોશ ૮૧૨-૮૧૫ ઉપર જોવા મળ્યા હતા.

રાજકોટમાં સીંગતેલ ૧૫ કિગ્રા નવા ટીન ૨,૧૯૦-૨,૨૨૦, ૧૫ કિગ્રા લેબલ ટીન ૨૧૫૦-૨૧૮૦ ૧૫ લિટર નવા ટીન ૨,૦૨૦-૨,૦૫૦ અને ૧૫ લિટર લેબલ ટીન ૧૯૮૫-૨૦૧૦ જ્યારે સાઈડતેલોમાં કપાસીયા ૧૫ કિગ્રા ટીન જૂના ૧૪૫૦-૧૪૮૦, ૧૫ કિગ્રા નવા ટીન ૧૪૧૦-૧૪૪૦ ૧૫ લિટર જૂના ટીન ૧૩૫૦-૧૩૮૦, ૧૫ લિટર નવા ટીન ૧૩૧૦-૧૩૪૦, વનસ્પતી ૧૦૭૦-૧૧૬૫, પામોલીન ૧૩૧૦-૧૩૧૫, કોપરેલ ૨૪૮૦-૨૫૩૦, દિવેલ ૧૪૩૦-૧૪૫૦, કોર્ન ૧૪૬૦-૧૪૮૦, મસ્ટર્ડ ઓઈલ ૧૬૦૦-૧૬૧૦ અને સનફલાવરના ભાવ ૧૪૮૦-૧૫૦૦ ઉપર રહ્યો હતો. સીંગખોળ રાજકોટમાં ૨૭,૭૫૦ અને જૂનાગઢમાં ૨૬૦૦૦ રહ્યો હતો.

ખાંડ

ખાંડ બજારમાં આવક અને ભાવ જળવાયેલા રહ્યા હતા. રાજકોટમાં ૫૦૦ ગુણી ખાંડની આવકે ડી ગ્રેડના ભાવ ૩૫૩૦-૩૬૦૦ અને સી ગ્રેડના ભાવ ૩૬૫૦-૩૭૮૦ ઉપર જણાતા હતા.

ચણા-બેસન

ચણા-બેસન બજારમાં ઘરાકીના અભાવે ભાવ જળવાયેલા રહ્યા હતા. રાજકોટમાં ચણા ૪,૩૦૦-૪,૪૦૦ બેસન ૪,૪૦૦-૪,૫૦૦ અને ચણા-દાળના ભાવ ૫,૫૦૦-૫,૭૦૦ ઉપર નોંધાયા હતા.

એરંડા

એરંડા વાયદામાં જળવાયેલું વલણ જોવા મળ્યું હતું. જ્યારે દિવેલના ભાવ ૮૫૦ ઉપર નોંધાયા હતા.

રૂ-કપાસ બજાર મકકમ

એરંડા બજારમાં ગુજરાતમાં ૬૦,૦૦૦-૬૫,૦૦૦ ગુણીની આવકે ભાવ ૭૮૦-૭૯૦ જ્યારે સૌરાષ્ટ્રમાં ૩૨૦૦-૩૩૦૦ ગુણીની આવકે ભાવ ૭૫૦-૭૮૫ ઉપર રહ્યા હતા. મુખ્ય પીઠામાં જગાણા ૮૨૦, કડી ૮૧૫-૮૧૬, કંડલા ૮૧૦-૮૧૨, માવજીહરી ૮૧૫-૮૨૦ અને ગીરનારના ભાવ ૮૧૫-૮૨૦ ઉપર નોંધાયેલા રહ્યા છે.

રૂ-કપાસ

રૂ-કપાસ બજારમાં આવકની સાથે સાથે ભાવ મકકમ રહ્યા છે. રાજકોટમાં રૂ-ગાંસડી ૩૩,૦૦૦-૩૩,૫૦૦, કપાસીયા ૪૭૦-૪૯૦ જ્યારે માણાવદરમાં રૂ-ગાંસડી ૩૨,૫૦૦-૩૨,૯૦૦ અને કપાસીયા ૫૦૦-૫૧૦ ઉપર ભાવ રહ્યા હતા.

દેશમાં ૧૫,૦૦૦ ગાંસડી તેમજ ગુજરાતમાં ૭,૦૦૦-૮,૦૦૦ ગાંસડીની આવક રહી હતી. સૌરાષ્ટ્રમાં ૨૦,૦૦૦ ૨૨,૦૦૦ મણની આવકે સરેરાશ ભાવ ૭૦૦-૯૪૦ જોવા મળ્યા હતા. જ્યારે રાજકોટમાં ૫,૦૦૦-૬૦૦૦ મણની આવક રહી હતી. સુરેન્દ્રનગર વાયદો ૯૭૦-૯૭૫ ઉપર રહ્યો હતો.

કપાસીયા ખોળ રાજકોટમાં ૧૦૦૦-૧૨૦૦, કડીમાં ૧૧૨૦-૧૧૪૫ અને માણાવદરમાં ૧૦૩૦-૧૦૪૦ રહ્યો હતો.

સોના-ચાંદી

હાલમાં કોરોનાના વધતા જતા કેસએ વૈશ્વિક અર્થતંત્ર માટે ચિંતાનો વિષય છે. આગામી સમયમાં અર્થતંત્રમાં ફેરફાર થઈ શકવાની શક્યતાએ સોના-ચાંદી બજારમાં ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. સોનું ૫૨,૦૦૦ની સપાટી નજીક તો ચાંદી ૬૦,૫૦૦ની સપાટીને પાર કરી ચૂક્યું છે, રાજકોટમાં ચાંદી પ્રતિ-કીગ્રાએ ભાવ ૬૦,૬૦૦ જ્યારે સોનામાં સ્ટાન્ડર્ડ ૫૧,૮૦૦ અને ૨૨ કેરેટના ભાવ ૪૯,૭૦૦ની સપાટીએ પહોંચ્યો છે. બિસ્કીટ ૫,૧૮,૦૦૦ ઉપર જણાતું હતું.

બ્રિહતિ ફાઉન્ડેશને ગુજરાતના સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇને મદદ કરવા .ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્જની જાહેરાત કરી

(પ્રતિનિધિ દ્વારા) અમદાવાદ, તા.૨૨

૧૩ જુલાઇ, ૨૦૨૦: નોવલ કોરોના વાઇરસની અસરો સતત વધી રહી છે. વૈશ્વિક મહામારીને નિયંત્રણમાં લેવા તથા નુકશાન ઘટાડવા માટે દેશ સંખ્યાબંધ પગલાં ભરી રહ્યો છે, પરંતુ અર્થતંત્રમાં વ્યાપક અનિશ્ચિતતાઓને પરિણામે સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ અને યુવા ઉદ્યોગસાહસિકો સ્થિરતા હાંસલ કરવા ઝઝૂમી રહ્યાં છે.

દેશભરમાં લાંબા સમય સુધી લોકડાઉનને કારણે આર્થિક પ્રવૃતિઓ અટકી ગઇ છે તેવી સ્થિતિમાં આ સાહસોનું અસ્તિત્વ નિર્ણાયક બન્યું છે. આ સમસ્યાનો ઉકેલ માટે બ્રિહતિ ફાઉન્ડેશને **TiE Ahmedabad** અને **AICGUSEC** સાથે મળીને ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્જ નામની પહેલ કરી છે.

આ પહેલનો ઉદ્દેશ્ય ગુજરાત સ્થિત સ્ટાર્ટ-અપ્સ, એમએસએમઇ અને યુવા ઉદ્યોગ સાહસિકોને તેમના અસરકારક બિઝનેસ આઇડિયા અને વાસ્તવિક ઉકેલોને અમલમાં મૂકવામાં મદદરૂપ બનવાનો છે, જેથી સમુદાયમાં કોવિડ-૧૯ની અસરને ઘટાડી શકાય. એક સ્પર્ધા બાદ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇની પસંદગી કરાશે, જે અંતર્ગત પસંદ કરાયેલા સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ પ્રત્યેકને રૂ. ૫ લાખની નાણાકીય સહાય પ્રદાન કરાશે. વધુમાં પસંદ કરાયેલ સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઇ સાથે બિઝનેસની કામગીરી સંબંધિત આયોજન તથા અમલીકરણ વગેરે જેવી બાબતો અંગે પરામર્શ પણ કરાશે.

આ પહેલના લાભાર્થીઓ માટે બ્રિહતિ ફાઉન્ડેશન ઇન્ક (આઇડિયા ટુ ઇન્કોર્પોરેશન) દ્વારા અસાધારણ ઇનોવેટિવ ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહિત કરીને પ્રારંભિક તબક્કામાં બિઝનેસના અમલીકરણની તક પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. ઇન્ક કોવિડ-૧૯ ચેલેન્સ આ મૂશ્કેલ સમયમાં આત્મ-નિર્ભર બનવા વોકલ ફોર લોકલ પહેલને પણ સહયોગ કરે છે.

ગાપનાથ મંદિરે લાઈટીંગનું ઉદ્‌ઘાટન

ભાવનગર જિલ્લાના તીર્થસ્થળ ગોપનાથ મહાદેવ (તા.તળાજા) ખાતે આજે શ્રી મોટા ગોપનાથ બ્રહ્મચારી જગ્યા ટ્રસ્ટ ખાતે મુખ્ય ગેટ થી કાર્યાલય સુધી ડેકોરેટિવ લાઈટ અર્પણ વિધિનો કાર્યક્રમ યોજાયો હતો. બ્રહ્મચારી જગ્યા ના ગાદીપતિ સંત પું.સીતારામ બાપુ ના હસ્તે આ ૨૧ લાઈટિંગ પોલ લોકાર્પણ થયા હતા.આ સદકાર્ય માટે લોક સાહિત્યકાર નાજાભાઈ આહીર, સત્ય પ્રેમ કરુણા, ફાઉન્ડેશન ના પ્રમુખ લક્ષ્મણભાઈ કામળિયા (ભગુડા), ડો. રામભાઈ ભમ્મર, ડો. પાતુભાઈ ભાદરકા નો સહયોગ સાંપડ્યો હતો.

ટ્રસ્ટના પ્રમુખ ઘનશ્યામ સિંહ રાઠોડ, રાજુભાઈ ઢીલા, બાબુભાઈ સોલંકી વગેરે હાજર રહ્યા હતાં.

(તસવીરઃ- વિપુલ હિરાણી, ભાવનગર)

ધામળેજમાં એસબીઆઇ બેન્કનો પ્રારંભ

પ્રાંચીઃ સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે સોમવારથી નવી એસ.બી.આઇ. બેન્ક શાખાની શરૂઆત કરવામાં આવી હતી. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાનું એકસીમ આસીસ્ટન્ડ જનરલ મેનેજર નીરજભાઈ જોશીએ રીબીન કાપી દિપ પ્રાગટ્ય કરીને આ બેન્કને ખુલી મુકી હતી.

(તસવીરઃ જાદવ ચુડાસમા- પ્રાંચી)

સૌરાષ્ટ્ર બજાર ભાવ

હળવદ	રાયડો ૭૬૦-૮૫૦	અડદ ૧૧૧૦
જીરૂ ૨૨૦૦-૨૫૨૮	રજકાનું બી	મગ ૧૨૭૧-૧૨૮૮
વરીયારી ૭૦૦-૯૧૨	૩૦૦૦-૫૦૦૦	મેથી ૭૮૮-૮૪૦
એરંડા ૭૩૦-૭૮૧	ગુવારનું બી ૬૮૦-૭૧૫	ધાણા ૮૦૦-૧૦૫૬
ઘઉં ૩૨૫-૩૪૨	**બાવળા**	જીરૂ ૨૪૦૭
તલ ૧૩૦૦-૧૬૪૨	આઇઆરટ ૩૦૫-૩૬૯	ચણા ૭૭૮-૮૦૮
રાઇ ૭૬૦-૮૧૬	ટુકડા ૩૩૧-૩૪૫	કાળીજીરી
ધાણા ૧૦૦૦-૧૧૭૫	દેશી ૩૪૯-૩૬૦	૧૦૦૦-૧૬૫૦
ચણા ૭૫૦-૮૧૫	ચણા ૭૭૫	તુવેર ૮૨૦
ગવાર ૬૬૦-૭૧૧	એરંડા ૭૬૦-૭૮૪	એરંડા ૭૬૩-૭૬૮
કોડીનાર	**જૂનાગઢ**	ડુંગરી ૧૦૧-૧૨૫
મગફળી ૭૫૦-૧૦૬૦	લોકવન ૩૧૨-૩૭૪	કપાસ ૭૧૫-૯૩૭
સીંગદાણા૧૦૦૦-૧૩૨૪	બાજરો ૨૭૦-૩૦૦	**સાવરકુંડલા**
બાજરી ૨૦૦-૩૪૫	મકાઇ ૨૩૧-૨૬૧	શીંગ ૭૩૦-૧૨૨૧
ઘઉં ૩૦૦-૩૭૦	મગ ૧૦૪૩-૧૩૧૫	તલ ૧૩૨૫-૧૬૪૮
એરંડી ૬૭૦-૭૬૦	ચણા ૭૪૧-૭૯૯	કાળા ૧૫૦૦-૨૪૯૯
અડદ ૪૦૦-૧૩૬૪	વાલ ૮૮૩-૯૦૧	જીરૂ ૧૯૫૦-૨૪૭૦
મગ ૮૦૦-૧૩૫૮	અડદ ૯૬૨-૧૨૬૮	કપાસ ૬૫૫-૯૫૫
ચણા ૬૦૦-૮૧૫	તુવેર ૭૮૩-૧૦૬૫	લોકવન ૩૩૦-૩૬૫
તલ ૧૦૫૦-૧૬૩૪	મગફળી ૮૧૩-૯૮૫	ટુકડા ૩૪૦-૩૭૫
કાળા ૧૪૦૦-૨૭૨૫	સીંગદાણા૧૧૨૪-૧૨૭૨	બાજરો ૨૫૦-૩૨૦
જામનગર	ફાડીયા ૧૦૩૦-૧૧૫૦	જુવાર ૪૫૦-૬૦૦
જુવાર ૫૯૦-૬૦૪	એરંડી ૬૧૪-૬૭૨	મકાઇ ૨૨૫-૪૦૦
બાજરી ૨૬૫-૩૪૦	તલ ૧૨૮૦-૧૬૦૦	મગ ૧૦૫૦-૧૩૬૦
ઘઉં ૩૦૬-૩૫૫	કાળા ૧૨૭૦-૨૪૮૦	ચણા ૭૫૦-૮૨૧
મગ ૧૦૫૦-૧૨૯૦	લાલ ૧૯૨૫-૨૨૮૭	એરંડી ૭૨૦-૭૮૦
અળદ ૮૨૦-૯૦૦	સોયાબીન ૫૬૩-૬૩૫	ધાણા ૯૫૦-૧૦૬૦
તુવેર ૭૮૦-૮૬૫	મેથી ૬૬૦-૬૬૦	**ગોંડલ**
મેથી ૮૪૦-૯૫૦	જીરૂ ૧૯૦૦-૨૩૦૦	લોકવન ૩૩૮-૪૦૦
ચણા ૭૭૫-૮૧૮	ધાણા ૯૬૩-૧૧૬૫	ટુકડા ૩૪૦-૩૭૮
એરંડા ૭૦૦-૭૮૩	લસણ ૬૯૦-૧૦૩૦	કપાસ ૬૬૬-૯૨૬
તલી ૧૪૦૦-૧૬૩૦	કાંદા ૩૪-૧૦૨	મગફળી ૭૨૫-૧૧૭૬
તલા કાળા	**જૂનાગઢ**	જાડી ૭૩૧-૧૨૨૧
૧૪૦૦-૨૫૦૦	લોકવન ૩૨૦-૩૭૧	સીંગદાણા
રાયડો ૭૭૦-૮૭૦	ટુકડા ૩૧૦-૩૫૯	૧૨૦૦-૧૩૫૧
લસણ ૭૫૦-૧૪૪૫	બાજરો ૧૮૫-૩૦૩	ફાડીયા ૧૩૧-૧૨૫૧
કપાસ ૬૦૦-૮૭૫	મકાઇ ૩૧૬	એરંડા ૭૦૧-૭૮૧
જીરૂ ૨૦૦૦-૨૪૬૫	ચણા ૭૦૦-૮૧૮	તલ ૧૨૦૧-૧૬૬૧
અજમો ૧૬૬૫-૩૩૧૫	અડદ ૫૫૦-૧૨૪૦	જીરૂ ૨૦૦૧-૨૬૦૦
અજમાનીભુસી	તુવેર ૯૦૦-૧૧૪૪	ઇસબગુલ ૨૦૩૧
૧૦૦-૧૬૦૦	મગફળી ૮૦૦-૧૧૨૨	કલોજી ૧૬૭૬-૩૬૯૧
ધાણા ૯૦૦-૧૨૭૫	સીંગફાડા ૯૨૫-૧૨૩૦	ધાણા ૯૨૬-૧૨૪૧
ગુવાર ૬૦૦-૬૪૫	એરંડા ૭૦૦-૭૬૯	ધાણી ૧૦૦૦-૧૩૩૧
રાજકોટ	તલ ૯૦૦-૧૬૩૨	લસણ ૭૧૧-૧૬૨૧
કપાસ ૬૩૧-૯૩૧	કાળા ૧૭૦૦-૨૭૫૩	ડુંગળી ૪૧-૧૭૧
લોકવન ૩૪૦-૩૮૫	જીરૂ ૧૭૦૦-૨૪૧૧	મગ ૬૬૧-૧૪૦૧
ટુકડા ૩૪૨-૪૦૦	ધાણા ૯૦૦-૧૧૪૦	ચણા ૭૬૨-૮૨૪
જુવાર ૫૫૦-૬૧૦	મગ ૭૫૦-૧૩૩૦	અડદ ૫૫૧-૧૩૧૧
પીળી ૩૩૦-૩૮૫	વાલ ૧૧૨૦	સોયાબીન ૬૬૧-૭૪૬
બાજરી ૨૩૦-૩૭૦	સીંગદાણા૧૨૮૦-૧૪૪૫	મેથી ૬૫૦-૬૭૬
તુવેર ૮૫૦-૧૧૧૪	સોયાબીન ૬૨૫-૭૭૦	ગોગળી ૬૫૦-૯૪૧
ચણા ૭૧૭-૮૨૧	મેથી ૬૮૦-૭૪૫	**પોરબંદર**
અડદ ૮૫૦-૧૨૫૬	**માણાવદર**	લોકવન ૩૦૦-૩૧૩
મગ ૧૩૦૦-૧૫૫૧	ગાંસડી ૩૨૫૦૦-૩૨૯૦૦	ટુકડા ૩૩૬-૩૩૮
વાલ ૧૨૫૫-૧૫૭૫	શંકર ૫૦૦-૫૧૦	જુવાર ૫૭૫
પાપડી ૧૧૯૫-૨૦૯૫	મગફળી ૨૨૦૦૦	મગ ૧૧૯૫-૧૨૩૦
ચોળી૮૭૦-૧૩૧૮	ઘઉં ૩૦૦-૩૫૦	ચણા ૭૭૦
સીંગદાણા૧૨૨૦-૧૪૭૯	બાજરો ૩૦૦-૩૬૦	અડદ ૧૨૦૦
મગફળી ૯૫૦-૧૧૯૩	જુવાર ૬૦૦-૭૦૦	ચોળી ૮૮૫
જીણી ૮૫૦-૧૧૭૦	તલ ૧૩૦૦-૧૪૦૦	મગફળી ૯૨૦-૧૧૦૦
તલી ૧૪૦૦-૧૬૭૭	કાળા ૧૮૦૦-૨૩૦૦	ફાડા ૧૦૯૦-૧૧૯૦
એરંડા ૭૦૦-૭૫૭	મગ ૧૨૦૦-૧૪૦૦	તલ ૧૪૬૫-૧૫૫૦
સુવા ૫૫૦-૭૫૦	અળદ ૧૨૦૦-૧૩૦૦	જીરૂ ૨૧૪૦-૨૪૧૫
સીંગફાડા ૭૪૦-૧૧૮૫	ચણા ૭૦૦-૮૨૫	ધાણા ૯૫૦-૧૦૯૦
કાળા તલ૧૯૨૧-૨૮૫૦	ખોળ ૧૦૩૦-૧૦૪૦	વેરાવળ (કાજલી)
લસણ ૭૦૦-૧૩૫૦	**ભાવનગર**	ઘઉં ૩૧૦-૩૫૭
ધાણા ૧૦૬૦-૧૩૨૫	શીંગ ૧૦૦૦-૧૧૭૧	અડદ ૭૦૫-૧૪૧૩
વરીયાળી ૮૭૫-૯૯૦	તલ ૧૨૫૦-૧૭૭૧	મગ ૬૫૫-૧૨૫૧
જીરૂ ૨૩૦૦-૨૫૫૯	કાળા ૧૭૬૫-૭૯૭૫	ચણા ૭૫૫-૮૦૮
રાય ૭૬૦-૮૨૦	ઘઉં ૩૫૦-૩૫૯	ધાણા ૧૦૮૧-૧૧૩૮
મેથી ૮૦૦-૧૦૦૦	બાજરી ૩૦૧-૩૧૨	સોયાબીન ૦૧-૬૪૫
ઇસબગુલ૧૭૮૫-૧૯૫૦	જુવાર ૬૬૫	તલ ૧૧૦૫-૧૫૪૫

શેરબજારની તેજીને બ્રેકઃ સેન્સેક્સ ૫૮ અંક ગગડી ૩૭૮૭૧ની સપાટીએ

(જી.એન.એસ) મુંબઈ,તા.૨૨

દિવસભરની વધઘટ બાદ અંતિમ સેશનમાં ઘરેલુ શેરબજાર ગગડીને લાલ નિશાનમાં બંધ આવ્યું છે. આ રીતે સળંગ બે દિવસની તેજીને બ્રેક લાગ્યો છે. બીએસઈ પર બેંચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ ૫૮ અંક અથવા ૦.૧૬ ટકા ગગડીને ૩૭,૮૭૧ નજીક જ્યારે નિફટી ૫૦ આંક ૧૬ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકાના નજીવા ઘટાડા સાથે ૧૧,૧૪૫ નજીક સેટલ થયા છે. આ સિવાય બેંક નિફટીની વાત કરીએ તો ઈન્ડેક્સ અંતિમ સેશનમાં ૧૦૦ અંક વધીને ૨૨,૮૮૨ નજીક બંધ આવ્યો છે. જ્યારે બીએસઈ પર મીડેકપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ અનુક્રમે ૦.૧૯ ટકા વધી અને ૦.૨૩ ટકા ગગડીને સેટલ થયા છે. વિવિધ સેકટર્સની વાત કરીએ તો આજે બીએસઈ પર એનર્જી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ સિવાય લગભગ તમામ સેક્ટર્સમાં વેચવાલી જોવા મળી.

બેંક નિફટી ઈન્ડેકસ આજનો ગેન ચેન્જર હતો. બેંચમાર્કના ઘટાડા છતા આજે બેંક નિફટી ઈન્ડેકસ ૧૦૦ અંક, ૦.૪૪%ના વધારે બંધ આવ્યો છે. ૨.૪૫ની આસપાસના ઈન્ટ્રાડે લોથી BNF ૧%ની શાર્પ રિકવરી સાથે બંધ આવ્યો છે.

આજે પણ બ્રોડર માર્કેટમાં નેગેટીવ ટ્રેન્ડ જોવા મળ્યો હતો. ભ્જીઈ ખાતે ૧૧૬૪ શેર વધીને તો ૧૪૮૧ શેર ઘટીને બંધ આવ્યા છે. બીએસઈ ખાતે ૨૯૫ શેરમાં અપર તો ૨૬૭ શેરમાં લોઅર સર્કિટ લાગી છે.

બુધવારે ડોલર સામે રૂપિયો અંતિમ સેશનમાં ફ્લેટ રહ્યો. ફોરેક્સ માર્કેટમાં શરૂઆતી સેશનમાં ડોલર સામે રૂપિયો ૧૭ પૈસા મજબૂત રહી ૭૪.૫૭ પર ખુલ્યો હતો. પરંતુ ત્યાર બાદ અંતિમ સેશનમાં રૂપિયો ૭૪.૭૬ પર બંધ આવ્યો છે. આ પહેલા મંગળવારે ૭૪.૭૪ પર બંધ થયો હતો. આ સિવાય જૂન ક્વાર્ટરમાં એક્સિસ બેંકની એસેટ ક્વાલિટીમાં સુધારો થતા શેરભાવમાં આજે લગભગ ૮ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો. બીએસઈ પર બેંકનો શેર ૮.૨૧ ટકા વધી ૪૮૨.૮૫ રૂપિયા પર પહોંચ્યો હતો. જ્યારે અંતિમ સેશનમાં શેરભાવ ૨૯ રૂપિયાના વધારા સાથે ૪૭૬ નજીક બંધ આવ્યો છે.

એ-ગ્રુપ

A	
એસીસી. લિ.	૧૩૮૩.૦૦, ૧૩૮૮.૦૦, ૧૩૬૧.૦૦, ૧૩૭૨.૦૦
અદાણી એન્ટપ્રાઇઝ	૧૬૭.૦૦, ૧૭૨.૦૦, ૧૬૨.૦૦, ૧૬૯.૦૦
અંબુજા સિમેન્ટ	૨૦૫.૦૦, ૨૦૫.૦૦, ૧૯૯.૦૦, ૨૦૧.૦૦
અશોક લેલન્ડ	૫૩.૦૦, ૫૩.૦૦, ૫૧.૦૦, ૫૨.૦૦
એશિયન પેઇન્ટ્સ	૧૭૨૪.૦૦, ૧૭૩૬.૦૦, ૧૬૯૧.૦૦, ૧૬૯૭.૦૦
એકસીસ બેન્ક	૪૭૩.૦૦, ૪૮૪.૦૦, ૪૬૦.૦૦, ૪૭૯.૦૦
B	
બજાજ હોલ્ડીંગ ઈન્વેસ્ટ.	૨૭૪૧.૦૦, ૨૭૫૦.૦૦, ૨૬૨૩.૦૦, ૨૬૬૦.૦૦
બેન્ક ઓફ બરોડા	૫૦.૦૦, ૫૦.૦૦, ૪૮.૦૦, ૪૯.૦૦
બીઇએમએલ લિ.	૬૬૧.૦૦, ૬૬૫.૦૦, ૬૪૪.૦૦, ૬૫૭.૦૦
ભારત ઈલેકટ્રીક	૧૦૦.૦૦, ૧૦૦.૦૦, ૯૭.૦૦, ૯૮.૦૦
ભારત ફોર્જ	૩૮૬.૦૦, ૩૮૯.૦૦, ૩૮૦.૦૦, ૩૮૭.૦૦
ભારત પેટ્રો.	૪૬૫.૦૦, ૪૬૬.૦૦, ૪૪૮.૦૦, ૪૫૦.૦૦
ભારતી એરટેલ	૫૬૮.૦૦, ૫૭૫.૦૦, ૫૬૩.૦૦, ૫૭૦.૦૦
ભેલ	૩૮.૦૦, ૩૯.૦૦, ૩૮.૦૦, ૩૮.૦૦
બાયોકોન લિ.	૪૨૭.૦૦, ૪૪૧.૦૦, ૪૨૬.૦૦, ૪૩૧.૦૦
બેન્ક ઓફ ઈન્ડિયા	૫૦.૦૦, ૫૦.૦૦, ૪૮.૦૦, ૪૯.૦૦
બોમ્બે ડાઈંગ	૬૯.૦૦, ૭૦.૦૦, ૬૮.૦૦, ૬૮.૦૦
બોસ લિ.	૧૩૧૭૦.૦૦, ૧૩૪૯૦.૦૦, ૧૩૦૬૫.૦૦, ૧૩૨૭૦.૦૦
બ્રીટેડ	૧૪૨.૦૦, ૧૪૩.૦૦, ૧૩૯.૦૦, ૧૪૨.૦૦
C	
કેનેરા બેન્ક	૧૦૪.૦૦, ૧૦૫.૦૦, ૧૦૧.૦૦, ૧૦૨.૦૦
સેન્ટ્રલ બેન્ક	૧૮.૦૦, ૧૯.૦૦, ૧૮.૦૦, ૧૮.૦૦
સેન્ચુરી ટેક્સ.	૩૧૧.૦૦, ૩૧૨.૦૦, ૩૦૩.૦૦, ૩૦૮.૦૦
સીઇએસસી લિ.	૫૮૯.૦૦, ૫૯૫.૦૦, ૫૭૨.૦૦, ૫૭૩.૦૦
ચંબલ ફર્ટીલાઈઝર	૧૫૯.૦૦, ૧૬૨.૦૦, ૧૫૫.૦૦, ૧૫૭.૦૦
ચેન્નાઈ પેટ્રો.	૯૧.૦૦, ૯૧.૦૦, ૮૬.૦૦, ૮૭.૦૦
સીપ્લા લિ.	૬૬૪.૦૦, ૬૭૭.૦૦, ૬૫૮.૦૦, ૬૬૨.૦૦
કોલગેટ પામોલિવ	૧૪૨૪.૦૦, ૧૪૨૪.૦૦, ૧૩૮૬.૦૦, ૧૩૯૩.૦૦
ક્મ્મીન્સ કોર્પો.	૪૫૭.૦૦, ૪૬૦.૦૦, ૪૪૬.૦૦, ૪૫૨.૦૦
કમીન્સ (ઇન્ડીયા)	૩૬૧.૦૦, ૩૬૫.૦૦, ૩૮૬.૦૦, ૩૬૩.૦૦
D	
ડાબર (ઇન્ડીયા)	૪૬૫.૦૦, ૪૬૫.૦૦, ૪૭૯.૦૦, ૪૮૧.૦૦
ડિશ ટીવી	૮.૦૦, ૮.૦૦, ૮.૦૦, ૮.૦૦
ડિવિસ લેબ	૨૨૮૫.૦૦, ૨૩૧૦.૦૦, ૨૨૪૭.૦૦, ૨૨૬૨.૦૦
ડીએલએફ લિ.	૧૪૪.૦૦, ૧૪૬.૦૦, ૧૪૧.૦૦, ૧૪૩.૦૦
ડો.રેડીસ	૪૦૬૦.૦૦, ૪૧૩૦.૦૦, ૪૦૨૭.૦૦, ૪૦૬૨.૦૦
E	
ઇડલવાઈઝ કેપિટલ	૭૪.૦૦, ૭૪.૦૦, ૬૯.૦૦, ૭૪.૦૦
ઇઆઇએચ લિ.	૬૧.૦૦, ૬૩.૦૦, ૬૧.૦૦, ૬૩.૦૦
એન્જીનિયર્સ (ઇન્ડીયા)	૭૦.૦૦, ૭૨.૦૦, ૬૯.૦૦, ૭૧.૦૦
એકસાઇડ ઇન્ડ.	૧૬૦.૦૦, ૧૬૩.૦૦, ૧૫૮.૦૦, ૧૫૯.૦૦
F	
ફેડરલ બેન્ક	૫૫.૦૦, ૫૭.૦૦, ૫૩.૦૦, ૫૭.૦૦
G	
ગેઇલ ઈન્ડિયા લિ.	૧૦૪.૦૦, ૧૦૫.૦૦, ૧૦૧.૦૦, ૧૦૨.૦૦
આલ્સ્ટોમ પાવર	૫૦૮.૦૦, ૫૨૩.૦૦, ૫૦૬.૦૦, ૫૦૭.૦૦
અરેવા	૯૦.૦૦, ૯૧.૦૦, ૮૫.૦૦, ૮૫.૦૦
ગ્લેક્સોસ્મીથ	૧૪૭૮.૦૦, ૧૪૯૧.૦૦, ૧૪૬૫.૦૦, ૧૪૬૮.૦૦
ગ્લેન ફાર્મા	૪૧૪.૦૦, ૪૨૦.૦૦, ૪૧૧.૦૦, ૪૧૪.૦૦

જીએમઆર ઈન્ફ્રા.	૨૦.૦૦, ૨૧.૦૦, ૨૦.૦૦, ૨૧.૦૦
ગોદરેજ ઈન્ડ.	૩૬૭.૦૦, ૩૬૭.૦૦, ૩૫૩.૦૦, ૩૫૫.૦૦
ગ્રાસીમ ઈન્ડિયા	૬૦૭.૦૦, ૬૧૨.૦૦, ૫૯૪.૦૦, ૬૦૨.૦૦
ગ્રેટ એસ્ટેટ	૨૨૪.૦૦, ૨૨૪.૦૦, ૨૧૮.૦૦, ૨૨૦.૦૦
ગુજ. પેટ્રોનેટ	૨૧૦.૦૦, ૨૧૭.૦૦, ૨૦૯.૦૦, ૨૧૫.૦૦
ગુજ. મીનરલ	૪૨.૦૦, ૪૨.૦૦, ૪૧.૦૦, ૪૧.૦૦
H	
એચસીએલ ટેક્નો.	૬૫૬.૦૦, ૬૫૬.૦૦, ૬૪૪.૦૦, ૬૫૧.૦૦
એચડીએફસી	૧૮૯૯.૦૦, ૧૮૯૯.૦૦, ૧૮૫૨.૦૦, ૧૮૮૩.૦૦
એચડીએફસી બેન્ક	૧૧૪૦.૦૦, ૧૧૪૨.૦૦, ૧૧૧૮.૦૦, ૧૧૨૬.૦૦
હિરો હોન્ડા	૨૮૬૦.૦૦, ૨૮૬૧.૦૦, ૨૭૫૫.૦૦, ૨૭૬૯.૦૦
હિન્દુસ્તાન યુનિ. લિ.	૨૩૪૦.૦૦, ૨૩૪૦.૦૦, ૨૨૪૧.૦૦, ૨૨૪૮.૦૦
હિન્દુસ્તાન પેટ્રો.	૨૩૬.૦૦, ૨૩૮.૦૦, ૨૨૫.૦૦, ૨૨૯.૦૦
હિન્ડાલકો	૧૬૦.૦૦, ૧૬૪.૦૦, ૧૫૭.૦૦, ૧૬૦.૦૦
હિન્દુસ્તાન ઝીન્ક	૧૮૭.૦૦, ૨૦૬.૦૦, ૧૮૭.૦૦, ૧૯૭.૦૦
I	
આઈસીઆઈસીઆઈ બેન્ક	૩૮૬.૦૦, ૩૮૯.૦૦, ૩૭૫.૦૦, ૩૮૧.૦૦
આઈડીબીઆઈ બેન્ક લિ.	૪૦.૦૦, ૪૦.૦૦, ૩૯.૦૦, ૩૯.૦૦
આઈડીયા સેલ્યુલર	૮.૦૦, ૯.૦૦, ૮.૦૦, ૯.૦૦
ઈન્ફ્રા ડેવલપમેન્ટ ફાઈનાન્સ	૧૯.૦૦, ૧૯.૦૦, ૧૯.૦૦, ૧૯.૦૦
આઈએફસીઆઈ લિ.	૭.૦૦, ૭.૦૦, ૭.૦૦, ૭.૦૦
ઈન્ડિયા ઈન્ફોલાઈન	૭૧.૦૦, ૭૯.૦૦, ૭૧.૦૦, ૭૭.૦૦
ઈન્ડિયાબુલ્સ રિયલ એસ્ટેટ	૫૯.૦૦, ૬૦.૦૦, ૫૭.૦૦, ૫૭.૦૦
ઈન્ડિયા સિમેન્ટ	૧૨૩.૦૦, ૧૨૪.૦૦, ૧૧૮.૦૦, ૧૧૯.૦૦
ઈન્ડિયન બેન્ક	૬૨.૦૦, ૬૨.૦૦, ૬૧.૦૦, ૬૧.૦૦
ઈન્ડિયન હોટેલ	૮૧.૦૦, ૮૨.૦૦, ૮૦.૦૦, ૮૦.૦૦
ઈન્ડિયન ઓઈલ	૯૪.૦૦, ૯૪.૦૦, ૯૨.૦૦, ૯૨.૦૦
ઈન્ડિયન ઓવરસીઝ	૧૨.૦૦, ૧૨.૦૦, ૧૧.૦૦, ૧૧.૦૦
ઈન્ડુસઈન્ડ બેન્ક	૫૨૯.૦૦, ૫૨૯.૦૦, ૫૦૮.૦૦, ૫૧૩.૦૦
ઈન્ફોસીસ ટેક.	૯૪૦.૦૦, ૯૪૦.૦૦, ૯૧૨.૦૦, ૯૧૯.૦૦
આઈટીસી લિ.	૧૯૩.૦૦, ૧૯૮.૦૦, ૧૯૩.૦૦, ૧૯૭.૦૦
J	
જય કોર્પો. લિ.	૬૪.૦૦, ૬૪.૦૦, ૬૧.૦૦, ૬૨.૦૦
જિંદાલ સૉ	૫૭.૦૦, ૫૯.૦૦, ૫૭.૦૦, ૫૮.૦૦
જિંદાલ સ્ટીલ	૧૯૦.૦૦, ૧૯૧.૦૦, ૧૬૯.૦૦, ૧૭૩.૦૦
જેએસડબલ્યુ સ્ટીલ	૨૧૨.૦૦, ૨૧૪.૦૦, ૨૦૪.૦૦, ૨૦૭.૦૦
K	
કોટક મહિન્દ્રા બેન્ક	૧૩૭૦.૦૦, ૧૩૭૦.૦૦, ૧૩૩૧.૦૦, ૧૩૪૨.૦૦
L	
લાર્સન એન્ડ ટુબ્રો	૯૪૦.૦૦, ૯૪૦.૦૦, ૯૧૦.૦૦, ૯૨૧.૦૦
લક્ષ્મી મશીન	૨૯૫૦.૦૦, ૨૯૫૨.૦૦, ૨૮૬૫.૦૦, ૨૮૮૭.૦૦
એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ	૨૭૦.૦૦, ૨૭૬.૦૦, ૨૬૬.૦૦, ૨૭૧.૦૦
લુપીન લિ.	૮૫૦.૦૦, ૮૭૦.૦૦, ૮૪૬.૦૦, ૮૫૧.૦૦
M	
મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા	૫૮૯.૦૦, ૬૧૨.૦૦, ૫૮૨.૦૦, ૫૯૨.૦૦
મારૂતિ સુઝુકી	૬૧૨૮.૦૦, ૬૧૨૮.૦૦, ૫૯૪૦.૦૦, ૬૦૦૬.૦૦
મેક્સ ઈન્ડિયા	૫૬૬.૦૦, ૫૬૪.૦૦, ૫૪૯.૦૦, ૫૬૬.૦૦
મીનરલ એન્ડ મેટલ	૧૯.૦૦, ૧૯.૦૦, ૧૯.૦૦, ૧૯.૦૦
એમઆરપીએલ	૪૦.૦૦, ૪૦.૦૦, ૩૬.૦૦, ૩૭.૦૦
N	
નેશનલ એલ્યુમિનીયમ	૩૪.૦૦, ૩૫.૦૦, ૩૪.૦૦, ૩૪.૦૦
નાગાર્જુન કન્સ્ટ્રકશન	૩૨.૦૦, ૩૩.૦૦, ૩૨.૦૦, ૩૨.૦૦
નેસ્લે ઈન્ડિયા	૧૭૪૨૦.૦૦, ૧૭૪૩૧.૦૦, ૧૭૦૦૧.૦૦, ૧૭૧૪૬.૦૦
નેવિલી લીગ્નાઈટ	૪૭.૦૦, ૪૮.૦૦, ૪૬.૦૦, ૪૭.૦૦

એનટીપીસી લિ.	૮૯.૦૦, ૯૩.૦૦, ૮૯.૦૦, ૯૦.૦૦
O	
ઓમેક્સ લિ.	૬૬.૦૦, ૭૦.૦૦, ૬૬.૦૦, ૬૬.૦૦
ઓએનજીસી કોર્પો.	૮૩.૦૦, ૮૩.૦૦, ૮૨.૦૦, ૮૩.૦૦
આઈ-ફ્લેક્સ સોલ્યુશન્સ	૩૧૨૪.૦૦, ૩૧૨૪.૦૦, ૩૦૫૫.૦૦, ૩૦૬૯.૦૦
P	
નીકોલાસ પિરામલ	૧૫૪૫.૦૦, ૧૫૫૩.૦૦, ૧૪૭૮.૦૦, ૧૪૯૦.૦૦
પેટ્રોનેટ એલએનજી	૨૬૫.૦૦, ૨૬૫.૦૦, ૨૫૧.૦૦, ૨૫૫.૦૦
ફિનોલેક્સ મિલ	૬૦૪.૦૦, ૬૦૪.૦૦, ૫૭૮.૦૦, ૫૮૦.૦૦
પાવર ફાઈનાન્સ	૮૬.૦૦, ૮૭.૦૦, ૮૪.૦૦, ૮૫.૦૦
પાવરગ્રીડ	૧૭૪.૦૦, ૧૮૧.૦૦, ૧૭૪.૦૦, ૧૮૦.૦૦
પંજાબ નેશનલ	૩૫.૦૦, ૩૫.૦૦, ૩૪.૦૦, ૩૪.૦૦
R	
રાજેશ એક્સપોર્ટ	૪૬૫.૦૦, ૪૭૭.૦૦, ૪૬૩.૦૦, ૪૭૩.૦૦
રાષ્ટ્રીય કેમિકલ	૪૮.૦૦, ૪૯.૦૦, ૪૭.૦૦, ૪૮.૦૦
રિલાયન્સ ઈન્ફ્રા.	૩૫.૦૦, ૩૫.૦૦, ૩૪.૦૦, ૩૪.૦૦
રિલાયન્સ	૧૯૮૦.૦૦, ૨૦૧૦.૦૦, ૧૯૬૦.૦૦, ૨૦૦૪.૦૦
રિલાયન્સ પાવર	૪.૦૦, ૪.૦૦, ૪.૦૦, ૪.૦૦
S	
શીપીંગ કોર્પો.	૬૨.૦૦, ૬૨.૦૦, ૬૧.૦૦, ૬૧.૦૦
શ્રીરામ ટ્રેન.	૬૮૫.૦૦, ૭૦૪.૦૦, ૬૭૭.૦૦, ૬૯૫.૦૦
સિમેન્સ લિ.	૧૧૭૯.૦૦, ૧૧૯૨.૦૦, ૧૧૫૮.૦૦, ૧૧૭૪.૦૦
શોભા ડેવ.	૨૩૪.૦૦, ૨૩૭.૦૦, ૨૩૦.૦૦, ૨૩૫.૦૦
સ્ટેટ બેન્ક	૧૯૫.૦૦, ૧૯૭.૦૦, ૧૯૦.૦૦, ૧૯૨.૦૦
સેઈલ	૩૬.૦૦, ૩૭.૦૦, ૩૫.૦૦, ૩૫.૦૦
સન ફાર્મા.	૪૮૦.૦૦, ૪૮૮.૦૦, ૪૭૨.૦૦, ૪૭૪.૦૦
સન ટીવી	૩૮૨.૦૦, ૩૮૩.૦૦, ૩૭૪.૦૦, ૩૭૯.૦૦
સુઝલોન એનર્જી	૫.૦૦, ૫.૦૦, ૫.૦૦, ૫.૦૦
T	
ટાટા કેમિકલ	૩૦૦.૦૦, ૩૦૭.૦૦, ૩૦૦.૦૦, ૩૦૪.૦૦
ટાટા મોટર્સ	૧૦૯.૦૦, ૧૧૦.૦૦, ૧૦૪.૦૦, ૧૦૫.૦૦
ટાટા પાવર	૪૯.૦૦, ૫૧.૦૦, ૪૯.૦૦, ૫૦.૦૦
ટાટા સ્ટીલ	૩૬૨.૦૦, ૩૬૩.૦૦, ૩૪૭.૦૦, ૩૫૦.૦૦
ટાટા ટી	૪૧૦.૦૦, ૪૧૮.૦૦, ૪૦૪.૦૦, ૪૦૭.૦૦
ટીસીએસ લિ.	૨૨૩૨.૦૦, ૨૨૩૭.૦૦, ૨૧૮૫.૦૦, ૨૧૯૦.૦૦
ટેક મહિન્દ્રા	૬૨૨.૦૦, ૬૨૬.૦૦, ૬૧૨.૦૦, ૬૧૮.૦૦
થર્મેક્સ	૭૬૫.૦૦, ૭૭૧.૦૦, ૭૪૯.૦૦, ૭૫૦.૦૦
ટાઇટલ ઇન્ડ.	૧૦૨૦.૦૦, ૧૦૬૫.૦૦, ૧૦૧૭.૦૦, ૧૦૫૮.૦૦
ટોરેન્ટ પાવર	૩૨૦.૦૦, ૩૨૫.૦૦, ૩૧૭.૦૦, ૩૧૯.૦૦
U	
યુકો બેન્ક	૧૫.૦૦, ૧૫.૦૦, ૧૪.૦૦, ૧૪.૦૦
અલ્ટ્રાટેક સિમેન્ટ	૩૮૮૦.૦૦, ૩૯૧૦.૦૦, ૩૮૪૨.૦૦, ૩૮૬૩.૦૦
યુનિયન બેન્ક	૩૧.૦૦, ૩૧.૦૦, ૩૧.૦૦, ૩૧.૦૦
યુનાઈટેડ ફોસફરસ	૪૫૭.૦૦, ૪૬૫.૦૦, ૪૪૮.૦૦, ૪૬૧.૦૦
V	
સેસા ગોવા	૧૧૧.૦૦, ૧૧૮.૦૦, ૧૧૦.૦૦, ૧૧૨.૦૦
વોલ્ટાસ લિ.	૫૯૭.૦૦, ૬૦૫.૦૦, ૫૯૦.૦૦, ૫૯૬.૦૦
W	
વેલ્પન ગુજરાત	૮૧.૦૦, ૮૨.૦૦, ૮૧.૦૦, ૮૧.૦૦
વિપરો લિ.	૨૭૧.૦૦, ૨૭૩.૦૦, ૨૬૪.૦૦, ૨૬૬.૦૦
Y	
યસ બેન્ક	૧૯.૦૦, ૧૯.૦૦, ૧૮.૦૦, ૧૮.૦૦
Z	
ઝી એન્ટરટેઈન્ટમેન્ટ	૧૫૪.૦૦, ૧૫૯.૦૦, ૧૪૯.૦૦, ૧૫૭.૦૦

કંડલા પાસે આકાર લેનાર જૂની જેટીના સ્થાને આધુનિક સગવડતા વાળી જેટી સામે વાંધાઓ-અસ્થાને

(પ્રતિનિધિ દ્વારા) ગાંધીધામઃ તા.૨૨

ગાંધીધામ તાલુકાના મીઠી રોહર સીમ હેઠળ આવેલ આહીર સોલ્ટ અનેડ એલાઈડ પ્રોડક્ટ્સ પ્રાઈવેટ લીમીટેડ ને જેટી બનાવવા માટે તમામ પ્રક્રિયાઓ બાદ આખરી ઓપ પર હતું તે દરમ્યાન તે આખરી ઓપ પૂરું ન થાય તે માટે આ સંકુલનો વિકાસ ન થાય તેવું ઈચ્છતા પરિબળોના નકારાત્મક વલણ થકી અટકી પડયું છે અને નવો વિવાદ ઉત્પન કરી અત્યારે ચર્ચાના ચકડોળે ચડ્યું છે.

આ જમીનનો ઈતિહાસ જોઈએ તો કંડલા પોર્ટ (હાલમાં દિન દયાળ પોર્ટ)ના અસ્તિત્વ પહેલા રાજાશાહીના વખતથી યુનાઈટેડ સોલ્ટ વર્કસ (મીઠા પોર્ટ) હતું જેની જે તે સમયમાં પોતાની જેટી હતી અને એના પરથી થી મીઠું જાપાન તથા અન્ય દેશોમાં નિકાસ થતું હતું એટલું જ નહીં પોતાની રેલવે લાઈન હતી અને ત્યાંથીજ વેગનો ભરતા હતા.

કંડલા પોર્ટ અસ્તિત્વમાં આવ્યું ત્યારે લેન્ડ એકઝીબેસન આફિસ (આદિપુર) તા.૦૯/૦૨/૧૯૫૩માં ડેવલપમેન્ટ કમિશ્નર કંડલાને જમીન સુપ્રત કરેલ પરંતુ તેમાં યુનાઈટેડ સોલ્ટ આવી જતા બાદમાં લેન્ડ એકઝીબેશન અધિકારીએ ૨૨/૧૧/૧૯૫૪ (આદિપુર) ૩૪૪.૫ ચો.માઈલ જમીન સુપ્રત કરેલ તેમાંથી ૨.૧ ચો.માઈલ (૧૩૫૭.૫૬) એકર મેં. યુનાઈટેડ સોલ્ટ વર્કસ લી.ની બાદ કરેલ અને બાકી ૩૪૪.૪ ચો.માઈલ જમીન કંડલા પોર્ટને આપેલ સદરહું જમીન ૧૯૩૪ થી ૧૯૭૪ સુધી ૪૦ વર્ષ માટે યુનાઈટેડ સોલ્ટને અપાઈ હતી બાદમાં ૧૯૭૪ થી ૧૯૯૪ સુધી ૨૦ વર્ષ માટે ૧૦/૦૪/૧૯૭૪ થી ૦૯/૦૪/૧૯૯૪ ફરી કરાર ૧૯ માર્ચ ૧૯૭૬ના કરાયા હતા તે કરારમાં જેટી વગેરે ઉલ્લેખ પણ હતો દરમ્યાન યુનાઈટેડ સોલ્ટનું વહીવટ કથળી જતા અને મીઠાની પડતી થતા તે સોલ્ટ વર્કસ બંધ થઈ ગયું અને તે જમીનને અકસ્માયતો સાથે ગુજરાત સરકારે ૧૯૯૬ થી ૨૦૦૬ સુધી આહીર સોલ્ટને ૧૦ વર્ષ માટે લીઝ ઉપર આપેલ જે બાદમાં વધુ ૧૦ વર્ષ માટે ૨૦૧૬ સુધી રીન્યુ કરેલ અને ૨૦૧૬ થી ૨૦૪૬ ઉધી ૩૦ વર્ષ માટે રીન્યુ કરાઈ હતી. દરમ્યાન વર્ષ ૨૦૦૫માં ૪૦ એકર જમીન ગુજરાત સરકારે ફ્રી હોલ્ડ કરી ટેંક ફાર્મ બનાવવા માટે આપેલ જે અત્યારે કાર્યરત છે અને કંડલા પોર્ટ દ્વારા જેટીથી ટેંક ફાર્મ સુધી પાઈપ લાઈન નાખવા ૨૦૧૫ માં મંજૂરી આપેલ છે જે પાઈપ લાઈનનું વાર્ષિક ભાડું કંડલા પોર્ટ રૂા.૫.૫ કરોળ જેવું તગડું લે છે.

આમ અત્યારે ૧૩૧૭ એકરમાં નમક ઉત્પાદન થાય છે અને ૪૦ એકરમાં ટેંક ફાર્મ કાર્યરત છે. દરમ્યાન અગાઉની વર્ષો પહેલા નિકાસ માટે જે જેટી હતી તે કાર્યરત કરવા માટે વર્ષ ૨૦૦૯માં વાઈબ્રન્ટ ગુજરાત સમીટમાં દરખાસ્ત કરાઈ હતી જેના આધારે વર્ષ ૨૦૧૧માં ગુજરાત મેરીટાઈમ બોર્ડ સાથે એમ.ઓ.યુ થયા અને વર્ષ ૨૦૧૪ (૧૯ જુન ૨૦૧૪) ગુજરાત સરકારના નિર્ણયના આધારે સરકારી ગેઝેટમાં રાજયપાલશ્રીના આદેશથી જાહેરનામું બહાર પાડ્યું. આ જાહેરનામાં બાદ વર્ષ ૨૦૧૪માં ૯૪ એકર જમીન હેતુ ફેર કરવા માટે કચ્છ કલેકટર પાસે અરજી કરી. પ્રોસેસ ફી ના રૂપિયા ૨૪ લાખ ભરાયા હતા જે ગાંધીનગરમાં આખરી તબકકામાં છે. તેમાં જોઈતા તમામ કલીયરન્સ ૨૦૧૭ રહી ચાલુ થયેલ ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ સાથે સી.આર ઝેડ કલીયરન્સ ૨૬/૯/૨૦૧૯માં લેવામાં આવેલ ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ૨૦૧૪ના જાહેરનામાં મીઠી રોહર પોર્ટની હદ ૧૩૧૭ એકર સુધીની લીમીટ જાહેર કરેલ હતી.

દરમ્યાન અગાઉ કંડલા પોર્ટ ૧૯૫૬થી અત્યાર સુધી તેના નકશાઓમાં પણ ડી-માર્ક કરી આ જમીન તમારી હદથી બહાર છે અને વર્ષ ૨૦૧૩ (૧૬/૦૯/૨૦૧૩)ના પત્ર દ્વારા તેનો ખુલાસો પણ કરાયો છે. આમ આટલું બધું થઈ ગયા બાદ તા.૧૫/૦૫/૨૦૧૯નાં દીનદયાળ પોર્ટ સફાળા જાગ્યું અને ગુજરાત મેરી ટાઈમ બોર્ડના અધ્યક્ષને વાંધો ઉપાડ્યો જેમાં સુરક્ષાના કારણો, વોટર ફ્રન્ટ અમારા હદમાં આવે (જે દરિયો વર્ષોથી ત્યાનો ત્યાજ છે) અને કંડલા પોર્ટની હદથી ૧૦૦ કી.મી.ના અંતરે બીજો પોર્ટ ન આવી શકે જયારે જી.એમ.બી હદમાં વર્ષોથી મુંદ્રાના જુના અને નવા પોર્ટો તેમજ નવલખી, ચોગલે વિગેરે ૧૦૦ કિમીની હદમાં આવે છે ઉપરાંત મુંદ્રા પોર્ટ તો ૫૦ કિમીના અંતરે આવેલ છે તો અત્યારે વિવાદ અસ્થાને છે.

આમ કંડલા પોર્ટ (દીનદયાળ પોર્ટ)ના વાંધાઓ સામે ગુરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ૨૯/૦૭/૨૦૧૯ના પત્ર દ્વારા તમામ વાંધાઓનું વિસ્તૃતમાં ખુલાસો કરી તેના વાંધાઓ નકારયા છે. (અત્રે નોંધવું જરૂરી છે કે ડી.પી.ટી.ના ટ્રસ્ટી બોર્ડમાં માં ગુજરાત મેરીટાઈમ બોર્ડના પ્રતિનિધિ હાજર હોય છે ટ્રસ્ટી તરીકે).

એક બાજુ રાજય તથા કેન્દ્ર સરકાર પી.પી.પી મોડલથી વિકાસ કરવા અભિગમ દાખવે છે અને ખુદ કંડલા પોર્ટ (દિન દયાળ પોર્ટ) પબ્લિક પ્રાઈવેટ પાર્ટી સીપેશન (પી.પી.પી.) મોડલ અગાઉ જેટી નિર્માણ તથા અન્ય ક્ષેત્રમાં અપનાવી ચૂકયું છે. (અલબત્ત તે મહદ અંશે નિષ્ફળ ગયેલ છે.) ત્યારે આ પ્રકારના ખાનગી સાહસ કરતા સ્થાનિકના ઉદ્યોગપતિઓને પ્રોત્સાહિત કરવાના બદલે કોઈકના ઈશારે નકારાત્મક વલણ દાખવે એ કેટલા અંશે વ્યાજબી છે? અગાઉ આ કંડલા પોર્ટ અનેક મહાકાય પ્રોજેકટ ગુમાવી ચૂકયું છે. ખાસ કરીને કન્ટેનર ટર્મિનલ જેવી સુવિધા જેની તક મુંદ્રા એ ઝડપી હતી આ ખાનગી પોર્ટ કાર્યરત થાય તો જી.એમ.બી. પણ તેના ચાર્જીસ મેળવી શકશે અને સ્થાનિકે રોજગારીની વધુ ઉપલબ્ધ થાય અને સંકુલનું વિકાસ થાય તે દેશના વિકાસની સાથે સાથે જરૂરી છે માત્ર હકારાત્મક વલણ અભિગમની જરૂર છે.

રાજય સરકારે નકારાત્મક રજુઆતોને ધ્યાને લીધા વગર આ પ્રોજેકટને જલદી આગળ વધારવો જોઈએ તેવી સ્થાનિકના લોકોની લાગણી છે.